# કપાસ બાદ બટાટાના ભાવ પણ ગગડતા ભૂમિપુત્રો બેહાલ

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રોની માઠી દશા બેઠી હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. અરવલ્લી જિલ્લાના ખેડૂતોએ મોંઘા બિયારણની ખરીદી કરી કપાસનું વાવેતર કર્યુ હતું. અને વાવેતર વિપુલ પ્રમાણમાં મેળવવા માટે છંટકાવ કરેલી મોંઘી દવાઓનું વળતર પણ ન મળ્યુ હોય તેમ ચાલુ સાલે કપાસભાવ યોગ્ય ન મળતાં નુકસાની ભોગવવી પડી હતી. ત્યારે મોંઘાભાવે બિયારણ ખરીદી બટાટાનું વાવેતર કર્યા બાદ બટાટા કાઢવાના સમયે ભાવ તળીયે જતાં અરવલ્લી જિલ્લાના ખેડૂતોને બેવડો માર સહન કરવાનો આવ્યો છે.

અરલ્લી જિલ્લાના ખેડૂતોએ આ વર્ષે બટાટાનું વાવેતર વિપુલ પ્રમાણમાં કર્યુ છે. મોડાસા તાલુકાના પહાડપુર, રતનપુર, ઈટાડી, શિણોલ, રામપુર, મહેસાણ, અમૃતપુરા કંપાના ભૂમિપુત્રોએ ૧૦ હજાર હેક્ટરમાં બટાટાનું વાવેતર યોગ્ય પોષણક્ષમ ભાવ મળી રહેવાની આશાએ બટાટાનું વાવેતર કર્યું હતું. ખેડૂતોએ બટાકાના બિયારણના વિઘે ૧૮,૦૦૦ રૂ.થી વધુનો ખર્ચ કરી તેમજ બટાટાના વાવેતર બાદ કાળી મજૂરી કરી પકવેલા બટાટાને લઈને માર્કેટમાં પહોંચતા પુરતો ભાવ ન મળતાં મુસીબતમાં મુકાઈ ગયા છે. રવિઋતુની સીઝનમાં પ્રતીકુળ વાતાવરણના કારણે વીઘે બટાટાના ઉત્પાદનમાં ૩૦ થી ૪૦ મણનો ઉતારો નોંધપાત્ર રીતે ઓછો મળી રહ્યો છે. ગયા વર્ષે ૧ વીઘામાંથી ૨૮૦થી ૩૧૦ મણ જેટલો ઉતારો મળ્યો હતો. પરંતુ આ વર્ષે કુદરતી અનુકૂળ વાતાવરણના અભાવે ૨૩૦થી ૨૪૦ મણ જ ઉતારો મળી રહેલ હોવાથી અને હાલમાં બટાટાના ભાવ મણે ૧૦૦ રૂ. થી ૧૪૦ રૂ. થઈ જતાં ખેડૂતો દેવાના ડુંગર નીચે દબાઈ જવાનો આરો આવ્યો છે. કોલ્ડસોટ્રના ભાડામાં પણ માલિકોએ વધારો કરતા ભૂમિપુત્રોને ભાવ ઓછા મળવા છતાં ફરજીયાત નુકસાન ભોગવીને બટાકા માર્કેટયાર્ડમાં વેચી રહ્યા છે. મોડાસા તાલુકાના બટાટાના અગ્રણી ખેડૂત અભિનવ પટેલે જણાવ્યું હતું કે થોડા સમય પહેલા બજારમાંથી ૮૦ રૂપિયે કિલો બટાકા ખરીદી ભોજનમાં ઉપયોગ લેવા પડતા હતા. જ્યારે અમારે બટાટા પકવી વેચવાના આવ્યા ત્યારે બટાટાનો મણનો ભાવ ૧૨૦ રૂ. ની આસપાસ રહેતાં ખેતીમાં મોટા પ્રમાણમાં નુકશાની ભોગવવી પડે છે. સરકારે ખેડૂતોના પકવેલા પાકના યોગ્ય ભાવ મળી રહે તેવી કેતીની ઉપયોગી નીતી બનાવવી જોઈએ.


(તસવીર : જય અમીન, મોડાસા)

## આંત્રોલીની ક્વૉરીમાં યુવાનના માથે વજનદાર બોક્ષ પડતા કરૂણ મોત

તાજપુર કેમ્પ, તા. ૨૫

આંત્રોલી દોલજીવાસ સ્થિત રાજકમલ ક્વોરીમાં કામ કરતા ૧૯ વર્ષીય યુવાનના માથે વજનદાર બોક્ષ પડતા ગંભીર ઈજાઓને લીધે કરૂણ મોત થયું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર ધનસુરા નજીકના વડાગામનો વતની ૧૯ વર્ષીય જીગર ઈશ્વરભાઈ પટેલ આંત્રોલી દોલજીવાસ સ્થિત રાજકમલ ક્વોરીમાં કામ કરે છે. દરમિયાન આજે આ યુવાન ક્વોરીમાં મશીનરી સાફ સફાઈ કરી રહ્યો હતો. દરમિયાન અચાનક જ આ યુવાનના માથાના ભાગે ઉપરથી વજનદાર બોક્ષ પડતા યુવાનના માથાના ભાગે ઈજાઓ થવા પામી અને લોહીયાળ હાલતમાં જ તેનુ ઘટનાસ્થળે જ કરૂણ મોત થયું હતું. આ ઘટના અંગે ઈશ્વરભાઈ પટેલે તલોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### તેનપુર નજીક અકસ્માતમાં વરરાજાનુ મોત થતાં

## લગ્નની શરણાઈ માતમમાં ફેરવાઈ : બહેનને તૈયાર કરવા જતી વખતે કરૂણાંતીકા સર્જાઈ

(જીતેન્દ્ર પટેલ ધ્વારા) બાયડ, તા.૨૫

કોઈકે કહેવત સાચે જ કહી છે કે પતિ પત્ની જોડી ઉપર જ નકકી થઈને આવે છે આ કહેવત જાણે આજે સાચી પડી હોય તેમ આજથી બે મહિના આગાઉ તેનપુર ગામના રહેવાસ ધર્મેન્દ્રભાઈનુ લગ્ન નાના ચિલાડા ખાતે ચોઈલા ગામ ખાતે યોજાનાર કડવા પાટીદાર સમાજના સમુહ લગ્નમાં થવાના હતા અને વરરાજાને કોઈ સગી બહેન નહોતી ત્યારે ભુંડાસણ ગામમાં તેમણે એક મો બોલી બહેન બનાવી હતી. ત્યારે આ બહેનને આજે પોતાના ભાઈના લગ્ન હોવાને કારણે વરરાજા પોતાના


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

નકકી થયુ હતુ. જયારે આજે ચઈલા ખાતે યોજાનાર કડવા પાટીદાર સમાજ આયોજીત સમુહ લગ્નમાં થોડાક દિવસ પહેલા જ ઘડીયે લગ્ન લેવાવાનુ નકકી થયુ હતુ. ત્યારે આજે લગ્નના હરખમાં પોતાની મો બોલી બહેનને લગ્નની ખુશીમાં તૈયાર કરવા માટે બ્યુટી પાર્લર વાળા બહેનને વરરાજા જાતે જ લઈને નીકળ્યા હતા તે દરમ્યાન જ રસ્તામાં અકસ્માત થતાં પોતાની પત્નીને જોડે જીવન મરણ સાથે જીવવાના કોલ આપી ચુકેલા વરરાજાનુ ટ્રક અને કરા વચ્ચે અકસ્માતમાં મોત નીપજતા લગ્નનો દીવો અધવચ્ચે જ ઓલવાઈ ગયો હતો.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર તેનપુર ખાતે રહેતાં ધર્મેન્દ્ર ભાઈ ગીરીશભાઈ પટેલાના લગ્ન આજે જ ગામમાં બ્યુટી પાર્લરનો વ્યવસાય કરતી રાધીકા બહેનને લઈને બહેનને તૈયાર કરવા માઠે જાતે જ ગાડી લઈને નીકળ્યા હતા. ત્યારે રસ્તામાં જ કાળમુખા ટ્રકની અડફેટ થતાં વરરાજાનુ ઘટના સ્થળે મોત નીપજયુ હતુ. જયારે આ અકસ્માતમાં બ્યુટીપાર્લર ચલાવતા રાધીકા બહેનને પણ ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર અર્થે ગાંધીનગર સીવીલ હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યારે સારવાર દરમિયાન રાધીકા બહેનનુ મોત નીપઝયુ હતુ. જયારે આ ઘટનાની જાણ પરિવારજનો બહેન અને પોતાના પતિની શણગાર સજી રાહ જોતી પત્નીને થાતાં પત્ની ઉપર જાણે આભ ફાટી પડે તેવી પરીસ્થીતીનું નિર્માણ થવા પામ્યુ હતુ. લગ્નની શરણાઈ આજે માતમાં ફરેવાઈ ગઈ હતી.

## બાયડ વન વિભાગ તંત્રને શિયાળામાં પરેડ કરાવતા દિપડો અને મગર

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના સરહદી વિસ્તાર અને ગાંધીનગર દહેગામના સરહદી વિસ્તારમાં ખુંખાર દિપડાએ આતંક મચાવતા દિપડાને પકડવા માટે વન વિભાગ દાવપેચ અજમાવી રહી છે ત્યારે બાયડના વાત્રકગઢ પાસે નદિમાં મગરે દેખા દેતા વનવિભાગના અધિકારીઓમાં દોડધામ યોગ્ય આવડતના અભાવે બાયડ તાલુકાના પ્રજાજનોમાં ભય સાથે ફફડાટ વ્યાપી ગયો છે.

અરવલ્લી જિલ્લામાં જંગલોનું નિકંદન કાઢી નાખવાના કારણે અરવલ્લી જિલ્લામાં જુજ પ્રમાણમાં જ જંગલો બચેલા છે. ત્રણ દિવસ પહેલા બાયડ તાલુકાના સરહદી વિસ્તાર અને દહેગામ તાલુકાના સરહદ વિસ્તારમાં દિપડાએ ભુંડનું મારણ કરતાં અને બાયડ તાલુકાના વાંડાનેડા ગામ પાસે એક ભુંડનુ મારણ કરી જંગલમાં ફરાર થઈ જતા દિપડાથી બાયડ સરહદી વિસ્તારના લોકો ભયના ઓથાર નીચે થર થર કાંપી રહ્યા છે. દિપડાનો ડર લોકોના મનમાં એટલો બધો વ્યાપી ગયો હોવાથી શિયાળુ પાકની સિઝન હોવા છતાં ખેડૂતો અને ખેતમજુરી કરતા લોકો છેલ્લા ત્રણ ચાર દિવસથી ખેતરોમાં જવાનુ ટાળી રહ્યા છે. અને ગામડના લોકો રાત્રી થતાં જ ઘરમાં પુરાઈ રહેવાનુ પસંદ કરે છે. ત્યારે વન વિભાગ હજુ પાંજરા સોધવાની કે મુકવાની પ્રક્રિયા પૂર્ણ નથી કરી શકયા. જ્યારે બીજી બાજુ બાયડ તાલુકાના વાત્રકગઢ ગામ પાસેથી પસાર થતા ખારીનદિના ડીપમાં કપડાં ધોઈ રહેલી મહિલા પર અચાનક નદીના પટમાંથી ઘસી આવી હુમલો કરવા જતાં મહિલાની નજર મગર પર પડતાં જ જીવ બચાવી નાસી ગઈ હતી. ખારી નદિના પટમાં મગર દેખા દેતાં ગામલોકોમા ફફડાટ વ્યાપી ગયો છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

બાયડ તાલુકાના ડાભા-મંત્રાણ વિસ્તારમાં ભય સૂચન ચેતવણી બોર્ડ મુક્યા છે તેવા ભયસૂચક બોર્ડ આ વિસ્તારમાં પણ મુકવા લોકોએ માંગણી કરી છે. કદાવર મગર નદીમાં જોવા મળતાં નદીના પટમાં પશુઓ ચરાવવા જતા પશુપાલકો પણ ડરી રહ્યા છે. આમ અરવલ્લી-સાબરકાંઠાના અધિકારીઓમાં ધોડધામ મચી ગઈ છે. પરંતુ વન વિભાગની આવી ઢીલીનીતીના કારણે માનવીનો ભોગ નહી લેવાયને તેવો ભય સતત સચાવી રહ્યો છે. બાયડ તાલુકાના લોકો હિંસક પ્રાણીઓના કારણે ભય સાથે ફફડાટ ફેલાયો છે. તેમજ બાયડ તાલુકા ગ્રામજનોએ માંગણી કરી હતી કે બાયડ તાલુકા વન વિભાગ નિંદ્રાધીન અવસ્થામાંથી જાગી તાત્કાલિક પગલાં લે તેવી બાયડ તાલુકાના રહીશો સત્વરે માંગ કરી રહ્યા છે.

## વડાગામમાં નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

વડાગામ, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના વડાગામમાં વડાગામ હાઈસ્કૂલમાં સ્વ. રમણલાલ ડી. શાહ પરિવારના ૯૦૦થી વધુ દર્દીઓએ આ નિઃશુલ્ક નેત્ર નિદામ કેમ્પમાં તપાસ કરાવી હતી.

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલકાના વડાગામનું જનસેવા મંડળ (અમદાવાદ)ના તબીબોએ વડાગામમાં યોજાયેલ મફત નેત્ર નિદાન કેમ્પમાં ૯૦૦ જેટલા આંખના દર્દીઓની તપાસ કરી હતી. જેમાંથી


(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

શ્રી ધીરૂભાઈના અમૃત મહોત્સવ નિમિત્તે વડાગામ જનસેવા મંડળ અને સમતા વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર પંથકમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહે છે. જેમાં રવિવારે નવલભાઈ અને હિરાબા આંખની હોસ્પિટલ (અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદ સંચાલિત) દસક્રોઈ ૧૫૩ મોતિયાના કેસ ઓપરેશન વાળા દર્દીઓ મળી આવતા આ તમામ દર્દીઓને મફત નેત્રમણી સાથે મોતિયાનું ઓપરેશન કરી આપી દવાઓ અને ચશ્મા પણ નવલભાઈ અને હિરાબા આંખની હોસ્પિટલ દ્વારા આપવામાં આવશે. ૧૫૩ મોતિયાના દર્દીઓમાંથી ૬૦ મોતિયાના ઓપરેશન વાળા દર્દીઓને આજે જ વડાગામ જનસેવા મંડળના ખર્ચે ઉપરોક્ત હોસ્પિટલમાં પહોંચાડવાની અને ઓપરેશન બાદ પરત લાવવાની જવાબદારી ઉપાડશે તેમજ બાકી રહેલા દર્દીને તારીખ નક્કી થયા મુજબ મફત સારવાર આપવામાં આવશે. આ મફત નેત્ર નિદાન કેમ્પમાં આંખની હોસ્પિટલ કેમ્પના ઓર્ગેનાઈઝર મહેશભાઈ સોલંકી તેમજ ડૉ. ધર્મેન્દ્ર જૈન અને ડૉ. સોમીનભાઈએ ઉપસ્થિત રહી નિદાન કર્યું હતું. આ કેમ્પમાં વડાગામના ઠાકોર સાહેબશ્રી હમીરસિંહ એમ. રહેવર દિલીપસિંહજી વી. પરમાર (માજી ધારાસભ્ય, મોડાસા) અને સૂર્યભાણસિંહ જે. રહેવર (સરપંચ) ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાતનો ૧૭મો સમુહ લગ્નોત્સવ ધનસુરા યુવક મંડળ અને મહિલા મંડળ દ્વારા ધનસુરાના ઓધવ ધામમાં યોજાયો હતો. જેમાં ૩૫ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા હતા. આ નવયુગલ દંપતિને આર્શીવાદ આપવા સાબરકાંઠાના સાંસદ દિપસિંહ રાઠોડ, કચ્છી સમાજના પ્રમુખ જગદીશ પટેલ, જયંતિભાઈ પટેલ, ધનસુરા પી.એસ.આઈ. બારોટ સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વાઈન ફલુના દર્દીઓ માટે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડ તૈયાર કરાયો

મોડાસા, તા. ૨૫

સ્વાઈન ફલુ નામ સાંભળતા જ ભલભલાના મોતિયા મરી જાય છે. સ્વાઈન ફલુની બીમારીમાં વાઈરસ હવામા ફેલાઈને રોગચાળો ફેલાવતો હોઈ આ રોગમાં સાવધાની રાખવી જરૂરી હોવાથી અને સ્વાઈન ફલુનો રોગ સામાન્ય તાવ, શરદી, ગળાના ઈન્ફેક્શન જેવા ચિન્હો ધરાતો હોઈ તબીબો પણ થાપ ખાઈ જાય છે. અને જ્યારે સ્વાઈનફલુએ દરદીમાં સંપૂર્ણ કબજો જમાવી દીધો હોય ત્યારે દદીને તાત્કાલિક સારવાર આપવી જરૂરી હોઈ અને દરદીને અલાયદો રાખી સારવાર આપવાની હોવાથી મોડાસા શહેરની સાર્વજનિક હોસ્પિટલમાં સરકારીતંત્રએ અલાયદો આઈસોલેશન વોર્ડ તૈયાર કર્યો છે.

ગુજરાત રાજયમાં સ્વાઈન ફલુએ માનવીને ભરડામાં લીધો છે અને અત્યાર સુધીમાં સ્વાઈનફલુથી ૨૦ થી પણ વધારે લોકોના મોત આ મહિના દરમિયાન થતા અરવલ્લી જિલ્લામાં આરોગ્ય તંત્ર પણ એલર્ટ બની ગયું છે. અરવલ્લી જિલ્લામાં હજુ સુધી એક પણ કેસ સ્વાઈન ફલુનો નોંધાયો નથી. પરંતુ જો કોઈ દરદી સ્વાઈનફલુ વાળો મળી આવે અથવા મોડાસા શહેરમાં રાજસ્થાનમાંથી સારવાર માટે આવતા લોકો દરદીઓમાંથી કોઈ સ્વાઈનફલુનો દરદી મળી આવે તો અરવલ્લી જિલ્લામાં સ્વાઈનફલુ માથુ ઉંચકે તો પહોંચી વળવા વહીવટીતંત્ર સજ્જ બન્યું છે. અને આગોતરા આયોજન રૂપી મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં આઈશોલેશન વોર્ડ તૈયાર કરી સ્વાઈન ફલુમાં શ્વાસ લેવાના પડતી તકલીફ અને ફેફસાને સીધી અસર થતા આ રોગમાં ફેફસાઓનુ કામ કરતા વેન્ટીલેટરની જરૂરીયાત પડતી હોવાથી મોડાસા શહેરની સાર્વજનિક હોસ્પિટલમાં વેન્ટીલેટરની સગવડ સાથે આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. થોડા દિવસ પહેલા જ મોડાસાના સાકરીયા ગામમાંથી શંકાસ્પદ સ્વાઈન ફલુનો કેસ મળી આવ્યો હતો. પરંતુ આ મહિલા દરદીનો રિપોર્ટ અમદાવાદ સિવિલમાં નેગેટીવ આવ્યો હતો. સ્વાઈનફલુનો રિપોર્ટ નેગેટીવ હોવા છતાં આ મહિલાનુ મોત થતાં સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો છે.

## શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પર બબાલ મામલે તપાસ સમિતીની રચના કરાઈ

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૨૫

શામળાજી આટીઓ ચેકપોસ્ટ ઉપર આજ થી બે દિવસ પહેલા બે ફોલ્ડર જુથ વચ્ચે મારામરી થઈ હતી જેમાં ૧૫૯ કરતાં પણ વધારે માણસો ના ટોળાએ બીજા ગ્રુપ પર હુમલો કરી એક ગાડી ની તોડફોડ કરી ભુકા બોલાવી દીધા હતા ત્યારે આ ઘટના ના અહેવા સમાચાર પ્રતો માં પસીધ્ધ થયા હતા ત્યારે આ ઘટનાની ગંભીરતા ને લઈ ને વાહનવ્યવહાર કમિશ્નર ધ્વારા એકતપાસ સમિતી ની રચના કરવામાં આવી હતી તપાસનીશ અધિકારીઓ એ ગઈ કાલેચેકપોસ્ટ પર કામ કરતાં અધિકારીઓ ની પુછપરછ કરી નિવેદન લેવા માં આવ્યા હતા આ તપાસ કમીટી ના અધિકારી તરીકે આસીસ્ટન્ટ ડાયરેકટર એસ. એ. મોજળીદારઅને હીંમતનગર ના આરટીઓ એસ.સી.શાહ ની નીમણુક કરવામાં આવી હતી જયારે આ તપાસ ટીમ ચેકપોસ્ટ ઉપર પહોચતાં જ ફોલ્ડરીયાઓ ભુર્ગભ માં ચાલ્યા ગયા હતા ત્યારે અહિ એક બાબત ચર્ચા નો વિષગ્ય બન્યો છે રાજય ની બીજા નંબરની આટલી મોટી આરટીઓ ચેકપોસ્ટ ઉપર આટલી મોટી બાબલ થયા અને ઉચ્ચસ્તરીય તપાસ કમિટી પણ રચનામાં આવી છતાં આજદિનસુધી કોઈ પણ પોલીસ ફરીયાદ નથતાં અનેક તર્ક વિર્તકો થયા પામ્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હિન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦